# (ગીરી પ્રવચન)

# પહાડ પરનું ભાષણ

**પાઠ ૪** **માત્થી ૫:૧૭-૪૮**

## સંબંધિત ન્યાયીપણું

**હેતુ :** આપણાં સબંધોમાં - આ જગતમાં ઈશ્વરના ઉકેલ અને પ્રકાશમાં કેવી રીતે ભાગીદાર બનવું અને શીખવવું.



*નિયમશાસ્ત્ર અથવા પ્રબોધકોની વાતોનો નાશ કરવાને હું આવ્યો છું. એમ ન ધારો. હું નાશ કરવા તો નહીં પણ પૂર્ણ કરવા આવ્યો છું. કેમ કે હું તમને ખચીત કહું છું કે આકાશ તથા પૃથ્વી જતાં રહે ત્યાં સુધી સઘળાં પૂરાં થયા વગર નિયમશાસ્ત્રમાંથી એક કાનો અથવા એક માત્રા જતી રહેશે નહીં. એ માટે આ સૌથી નાની આજ્ઞાઓમાંની એક જો કોઈ તોડશે ને માણસોને એવું કરતાં*



*શીખવશે તો તે આકાશના રાજ્યમાં સૌથી નાનો કહેવાશે. પણ જે કાંઈ તે પાળશે ને શીખવશે તે આકાશના રાજ્યમાં મોટો કહેવાશે કેમ કે હું તમને કહું છું કે શાસ્ત્રીઓના તથા ફરોશીઓના ન્યાયીપણાં કરતાં જો તમારું ન્યાયીપણું વધારે ન હોય, તો આકાશના રાજ્યમાં તમે નહિ જ પેસશો. માત્થી ૫:૧૭-૪૮.*

ઘણા લોકો વિચારે કે પ્રભુ ઈસુ આ કલમોમાં જુના કરારનું ખંડન કરે છે. પરંતુ પ્રભુ ઈસુ ધાર્મિક આગેવાનોનાં શિક્ષણનો વિરોધ કરતાં હતા. તેણે તેના શિષ્યોને જણાવ્યું હતું જે કંઈ મેં શીખવ્યું છે તે પ્રભુના વચનમાંથી શીખવ્યું છે. પરંતુ હું જે શીખવું છું તે તમારા ધાર્મિક આગેવાનોનાં શિક્ષણથી અલગ છે.પછી પ્રભુ ઈસુ શિક્ષણ આપતા ફરોશીઓનું શિક્ષણ અને પ્રભુ ઈસુના શિક્ષણ આત્મિક નિયમનો તફાવત સ્પષ્ટ કરે છે. પ્રભુ ઈસુએ શિક્ષણ આપ્યું કે નિયમ આંતરીક છે બાહ્ય નથી. માણસો જુએ માટે નહિં પરંતુ ઈશ્વર જુએ માટે પાળવો જોઈએ. આ શિક્ષણ પ્રણાલિકાગત નહિ પણ વચન આધારીત અને **ઢોંગ નહીં પણ વાસ્તવિક.**

૧. માત્થી ૫:૧૮ માં પ્રભુ ઈસુ નિયમ અને પ્રબોધકો સંબંધી કહે છે, “નિયમશાસ્ત્ર અથવા પ્રબોધકોની વાતોનો નાશ કરવા નહીં પણ **પૂર્ણ કરવા** આવ્યો છું.”

૨. **સાચું કે ખોટું :** પ્રભુ ઈસુએ તેના શિષ્યો ને શીખવતા કહ્યું કે, જુનો કરાર હવેથી અનુરૂપ રહ્યો નથી.

૩. **સાચું કે ખોટું :** પ્રભુ ઈસુએ શીખવ્યું કે જૂના કરારનો ભાવાર્થ ગહન અને ધાર્મિક આગેવાનોના શિક્ષણ કરતાં વધુ વ્યક્તિગત છે.

**નીચે જણાવેલ પ્રશ્નો માટે યોગ્ય જવાબની સામે ખરાનું ચિહ્ન કરો.**

૪ ૨ કોરંથી ૩:૬ વાંચો આ કલમ પ્રમાણે અક્ષર અને આત્માના નિયમ વચ્ચે શો તફાવત છે ?

૧. તફાવત નથી; બંને સરખા છે.

૨. અક્ષરનો નિયમ અનુસરવો સહેલો છે.

૩. આત્મા પાપ સંબંધી ઓછો કડક છે.

૪. **અક્ષર નાશકારક છે પણ આત્મા જીવનરૂપ છે.**

૫. માત્થી ૫:૨૦ પ્રભુ ઈસુ આપણા ન્યાયીપણું સંબંધી જણાવે છે.

   ૧. ધાર્મિક આગેવાનનાં ન્યાયીપણુ આપણું ન્યાયપણું વધું હોવું જોઈએ.

   ૨. ધાર્મિક આગેવાનોનું ન્યાયીપણું મોટે ભાગે અનુરૂપ હોતું નથી.

   ૩. ઈશ્વરપિતા માટે હવે મહત્વનું નથી.

   ૪. જૂના કરાર પર આધારિત હોવું ન જોઈએ.

૬. ઈશ્વરની પ્રેમાળ નજર દ્વારા નિયમ આપવામાં આવ્યો છે.

   ૧. ન્યાય કરવા અને પાપને દોષિત ઠરાવવા માટે.

   ૨. લોકોને માટે વિનંતી કરવા માટે.

   ૩. લોકોની ભલાઈમાં સુધારો લાવવા માટે.

   ૪. ધાર્મિક શિક્ષકોને વધુ સારૂ લગાડવા માટે.

૭. નીચે જણાવેલ યાદીમાં ધાર્મિક આગેવાનોની નિયમ પ્રત્યેની ખોટી સમજ ઉપર ચોકડી કરો.

| | |
|---|---|
| બાહ્ય | ઊભું (ઈશ્વર સાથેનો સંબંધ) |
| વચન યુક્ત | આંતરિક |
| આડુ (માણસ સાથેનો સંબંધ) | દંભ-ઢોંગી |
| વાસ્તવિક | પ્રણાલિગત |

૮. ઉપરના જણાવેલ શબ્દોમાંથી પ્રભુ ઈસુની નિયમ સંબંધીની સમજને ખરાનું ચિહ્ન કરો.



તમે જે રીતે ઈશ્વરના વચનોને લાગુ કરો છો અને જેવી રીતે ફરોશીઓ કરતા હતા તેની વચ્ચે શું તમે સમાનતા જોઈ શકો છો ? જો છે તો તે કઈ છે ? તમે પ્રભુ ઈસુ જેવા વધુ બનવાં શું કરશો ?

.......................................................

.......................................................

.......................................................

.......................................................



# તમારો ભાઈ

## પહાડ પરનું ભાષણ પાઠ-૧૨

*હત્યા ન કર, ને જે કોઈ હત્યા કરે તે અપરાધી કરવાના જોખમમાં આવશે, એમ પુરાતન કાળમાં લોકોને કહેલું હતું. એ તમે સાંભળ્યું છે, પણ હું તમને કહું છું કે, જે કોઈ પોતાના ભાઈ પર અમથો ક્રોધ કરે છે તે અપરાધી ઠરવાના જોખમમાં આવશે ને જે તેને કહેશે કે તું મુર્ખ છે તે અગ્નિની ગેહેન્નાના જોખમમાં આવશે. એ માટે જો તું તારું અર્પણ વેદી પાસે લાવે ને ત્યાં તને યાદ આવે કે મારા ભાઈને મારે વિરૂદ્ધ કંઈ છે તો ત્યાં વેદી આગળ તારું અર્પણ મૂકીને જા, પહેલાં તારા ભાઈની સાથે સલાહ કર ને ત્યારપછી આવીને તારું અર્પણ ચઢાવ.* *માત્થી ૫:૨૧-૨૪*

પ્રભુ ઈસુએ શીખવ્યું છેકે મજબૂત પ્રેમાળ સંબંધો વિકસાવવા અને જાળવવા તે અઘરાં છે. જેઓની પાસે દયાનું વલણ છે તેને કાર્યમાં (કૃત્યમાં) મૂકવું અને જો તે પ્રમાણે કરતા નથી તો આપણે તે આપણી અંગત આરાધનાને અસર કરે છે. આપણે ચોક્કસ ખાતરી કરવી જોઈએ કે પ્રભુ ઈસુ જેને આપણા "ભાઈ" કહે છે તેની સાથે આપણે સંબંધ તોડવો જોઈએ નહિં.

૧. માત્થી ૫:૨૨ માં પ્રભુ ઈસુ કહે છે પણ હું તમને કહું છું કે જે કોઈ પોતાના ભાઈ પર અમથો **ક્રોધ** કરે છે તે **અપરાધી** ઠરવાનાં જોખમમાં આવશે. : (ન્યાય, કરૂણામય, ઉદાર, ક્રોધિત)

૨. **સાચું કે ખોટું :** જ્યાં સુધી આપણો સંબંધ ઈશ્વર સાથે સારો છે તેથી લોકો સાથેનો આપણો સંબંધ સારો હોય તે જરૂરી નથી.

૩. **સાચું કે ખોટું :** ફક્ત આપણે એ જ કાળજી લેવી જોઈએ કે લોકો સાથેના આપણા સંબંધમાં આપણે બીજાને દુઃખ પહોંચાડીએ નહિં અને આપણી લાગણીને મહત્ત્વ આપીએ નહિં.

૪. આ શાસ્ત્રવચન કઈ ખાસ પરિસ્થિતિને લાગુ પડે છે ?

૧. જ્યારે આપણને કોઈએ કંઈ અન્યાય કર્યો હોય.

**૨. જ્યારે આપણે બીજાને કંઈ અન્યાય કર્યો હોય.**

૫. માર્ક ૧૧:૨૫ વાંચો. આ શાસ્ત્રવચન ખાસ કઈ પરિસ્થિતિને લાગુ પડે છે ?

**૧. જ્યારે આપણને કોઈએ અન્યાય કર્યો હોય.**

૨. જ્યારે આપણે બીજાને અન્યાય કર્યો હોય.

૬. **સાચું કે ખોટું :** પ્રભુ ઈસુના કહેવા પ્રમાણે ખ્રિસ્તમાં ભાઈઓ અને બહેનો વચ્ચેના કોઈ પણ જાતના પ્રશ્નો જો આપણે (ખ્રિસ્ત) સાથે સાંકળીએ તો પ્રશ્નનું નિરાકરણ લાવી શકાય છે.

તમારા સંબંધોનું મૂલ્યાંકન કરો. શું તમારા સંબંધો એવા છે જેથી તમારી આરાધનામાં રુકાવટરૂપ હોય ? ................. જો હોય તો તેના સમાધાન માટે તમે શું પગલાં લેશો. ..................

.......................................................

.......................................................

## તારો વાદી

## પહાડ પરનું ભાષણ પાઠ-૧૩

*જ્યાં સુધી તું તારા વાદીની જોડે માર્ગમાં છે, ત્યાં સુધી તેની સાથે વહેલો મળી જા. રખેને વાદી તને ન્યાયાધીશને સોંપે, ને ન્યાયાધીશ તને સિપાહીને સોંપે, ને તું કેદખાનામાં નંખાય. હું તને ખચીત કહું છું કે તું છેલ્લી દમડી ચૂકવીશ નહીં ત્યાં લગી તું ત્યાંથી બહાર નીકળનાર જ નથી.* માત્થી ૫:૨૫-૨૬

આપણે સ્પર્ધાત્મક જગતમાં **જીવીએ** છીએ ઘણી વખત આપણા સ્પર્ધક સાથે આપણને દુશ્મનાવટ થાય છે અને ઘણી વખત તેઓ આપણને શિક્ષા અથવા જેલની શિક્ષા માટે સંકલ્પ કરે છે. શિષ્ય જે શાંતિ સ્થાપનાર છે તેણે શત્રુ સામે પણ ગુસ્સે થયા વગર સલાહ-શાંતિ સ્થાપવી જોઈએ તેને શત્રુ સાથે સંઘર્ષમાં ન ઉતરાય તેનું પણ તેણે ધ્યાન આપવું જોઈએ.

૧. માત્થી ૫:૨૫ પ્રમાણે પ્રભુ ઈસુના શિષ્ય તરીકે તેમના શત્રુને કેવો પ્રતિભાવ



આપવો જોઈએ ? તેમની સાથે **સમાધાન કરવું** જોઈએ.

૨. **સાચું કે ખોટું :** પ્રભુ ઈસુ ઇચ્છે છે કે દરેકને પોતપોતાની રીત હોવી જોઈએ.

૩. **સાચું કે ખોટું :** પ્રભુ ઈસુના સાચા શિષ્યોને કદી જ સંઘર્ષ હોતો નથી.

**સાચા જવાબને વર્તુળ કરો.**

૪. **શું ઈસુની ધન્યતાઓની સૂચનાઓ વિશેષ કરીને આપણા શત્રુઓને લાગુ પડે છે ?**

૧. બીજી ધન્યતા શોક સંબંધી

૨. ત્રીજી ધન્યતા નમ્રતા

૩. પાંચમી ધન્યતા દયા

૪. સાતમી ધન્યતા સલાહ (શાંતિ) કરાવવાની

૫. રૂમી ૧૨:૧૮ કલમ પ્રમાણે આપણી શું જવાબદારી છે.

**૧. દરેકની સાથે શાંતિમાં રહેવા પ્રયત્ન કરો.**

૨. કાળજી રાખો કે કોઈ આપણને નારાજ ન કરે.

૩. સમભાવી બનીને કામ કરીએ જેથી કરીને નારાજ ન થઈએ.

૪. કાળજી રાખો કે કોઈક આપણો દુરુઉપયોગ ન કરે.

જો તમારે કોઈની સાથે સંઘર્ષ હોય અને તેમાં તમારો પણ થોડો વાંક છે, પણ વધારે વાંક સામી વ્યક્તિનો છે તો તે સ્થળે ઈસુ શું કરે, તે માટે તમે શું વિચારો છો ?

.......................................................

.......................................................

.......................................................

## સ્ત્રી

*“વ્યભિચાર ન કરે, એમ કહેલું હતું. એ તમે સાંભળ્યું છે. પણ હું તમને કહું છું કે સ્ત્રી ઉપર જે કોઈ ખોટી નજર કરે છે તેણે એટલામાં*

*જ પોતાના મનમાં તેની જોડે વ્યભિચાર કર્યો છે. અને જો તારી જમણી આંખ તને ઠોકર ખવડાવે. તો તેને કાઢી નાંખીને તારી પાસેથી ફેંકી દે. કેમ કે તારા અવયવોમાંના એકનો નાશ થાય. ને તારું આખું શરીર નરકમાં ન નંખાય. એ તને ગુણકારક છે. અને જો તારો જમણો હાથ તને ઠોકર ખવડાવે. તો તેને કાપી નાંખીને તારી પાસેથી ફેંકી દે કેમ કે તારા અવયવોમાંના એકનો નાશ થાય ને તારું આખું શરીર નરકમાં નંખાય એ તને ગુણકારક છે."*

માત્થી ૫:૨૭-૩૦.

આ શિક્ષણ વિજાતિય વ્યક્તિના સંબંધમાં લાગુ પડે છે. જેમ પ્રભુ ઈસુ પાપના મૂળ સુધી જાય છે, જે આપણાં હૃદય છે. જો આપણે સમાધાનનો હિસ્સો બનવા અને મીઠા અને પ્રકાશ બનવા માંગીએ છીએ, તો આપણે આપણી જાતિયતાની ઈચ્છાને કાબુમાં રાખવી જોઈએ.

૧. માત્થી ૫-૨૮ માં પ્રભુ ઈસુ કહે છે કે પણ હું તમને કહું છું કે, સ્ત્રી ઉપર જે કોઈ ખોટી નજર કરે છે. તેણે એટલામાંજ પોતાના મનમાં તેની જોડે વ્યભિચાર કર્યો છે.

૨. ખરું કે ખોટું : પ્રભુ ઈસુ ખરેખર તેમના શિષ્યો પાસે એ આશા રાખતા હતા કે તેઓની આંખોને કાઢીને ફેંકી દે અને હાથ કાપી નાંખે.

૩. ખરું કે ખોટું : જાતીયતાના પાપની ઉપર વિજય મેળવવા બીજી વાર જોવું, અશુદ્ધ વિચારવું, અને વાસનાને ન પોષવી તે જરૂરી છે.

**આપેલા પ્રશ્નોના બધા જ સાચા જવાબ માટે વર્તુળ કરો.**

૪. યાકુબ ૧:૧૩-૧૫ વાંચો. આ ફકરા પ્રમાણે આપણા જીવનમાં પાપની શરૂઆત કેવી રીતે થાય છે ?

અ. ઈશ્વરપિતા આપણને પરિક્ષણમાં પાડે છે.

બ. **આપણી પોતાની ઈચ્છાઓ.**

ક. આપણે પરીક્ષણને વિકસાવીએ છીએ.

ડ. મરણ

૫. યાકુબ ૧:૧૩-૧૫ પ્રમાણે પાપનું પરિણામ શું છે ?



અ. અસંતોષીપણું

બ. કામચલાઉ સંતોષ

ક. નામંજૂરી-ઈશ્વરની નામંજૂરી

ડ. **મરણ**

૬. જ્યારે પ્રભુ ઈસુ કહે છે કે તમારી આંખો કાઢીને ફેંકી દો અને હાથ કાપીને નાંખી દો તે બાબતમાં તમે શું વિચારો છો ?

અ. **પરીક્ષણને જલ્દી દુર કરો.**

બ. જ્યાં સુધી પાપ ન કરો ત્યાં સુધી જોવું.

ક. તમારી સર્વ ઈચ્છાઓ અશુદ્ધ છે.

ડ. પાપમાં પડીને તમારી જાતને નુકશાન થવા દો.



કયા પરિક્ષણોની સામે તમે વારંવાર સંઘર્ષ અનુભવો છો ?

..........................................................

શું તમે પરિક્ષણને ટાળવા માટેના વધુ સારા માર્ગો જણાવો છો ? તે કયા કયા છે ?

..........................................................

..........................................................

..........................................................

## તમારી પત્ની

## પહાડ પરનું ભાષણ પાઠ-૧૩

*"જે કોઈ પોતાની સ્ત્રીને મુકી દે તે તેને ફારગતી લખી આપે, એમ પણ કહેલું હતું. પણ હું તમને કહું છું કે વ્યાભિચારના કારણ વગર જે કોઈ પોતાની સ્ત્રીને મુકી દે તે તેની પાસે વ્યાભિચાર કરાવે છે. અને જો કોઈ તે મુકી દીધેલાની જોડે લગ્ન કરે છે તે પણ વ્યભિચાર કરે છે."* માત્થી ૫:૩૧-૩૨

શાસ્ત્રીઓ અને ફરોશીઓ મુસાના આ નિયમનું ટાંચણ ક્યાંથી કરતાં હતા ? પરંતુ પ્રભુ ઈસુ તેમના અનર્થો સાથે સહમત થયા ન હતા. છુટાછેડા અને મૂકી દેવું એ ઘણી સંસ્કૃતિમાં આજે રોગની જેમ ફેલાઈ ગયું છે. પ્રભુ ઈસુ શિક્ષણ આપતા જણાવે છે કે લગ્નજીવનમાં છુટાછેડા ઈશ્વરની યોજના (ઈરાદા) માં જ ન હતા.

૧. માત્થી ૫ઃ૩૧-૩૨ માં પ્રભુ ઈસુ જણાવે છે કે વ્યભિચારના કારણ વગર જે કોઈ સ્ત્રીને મુકી દે તે તેની પાસે વ્યભિચાર કરાવે છે.

૨. ખરું કે ખોટું : પ્રભુ ઈસુ શિક્ષણ આપતા કહે છે કે છુટાછેડા સ્વીકારવા યોગ્ય છે.

૩. ખરું કે ખોટું : પ્રભુ ઈસુ શિક્ષણ આપતા કહે છે કે જો છુટાછેડા માટે સાચું કારણ હોય, તોપણ તેમના શિષ્યોએ તે સબંધી ન્યાયથી વર્તવું જોઈએ.

૪. ખરું કે ખોટું : આ સારા ગુણો આપણ પતિ-પત્નીના સંબંધોમાં પણ લાગુ પડે છે.

**આપેલા પ્રશ્નોના સાચા જવાબ માટે વર્તુળ કરી દર્શાવો.**

૫. એફેસી ૫ઃ૩૧-૩૨ વાંચો. આ ફકરાના મત મુજબ લગ્ન એ

  અ. માનવ સંસ્કૃતિ.

  બ. અનુકૂળ અને વ્યવહારિક

  ક. **પ્રભુ ઈસુ ખ્રિસ્ત તથા મંડળીનું ઉદાહરણ**

  ડ. સાંસ્કૃતિક અને કાયદાકીય કારણો માટેની શુદ્ધતા

૬. તમારા મંતવ્ય પ્રમાણે છુટાછેડા આપણી મંડળીમાં મીઠા અને પ્રકાશ સમાન બનવાની ઈચ્છાઓને ક્ષીણ કરે છે. (સાચા જવાબો માટે વર્તુળ કરો).

  અ. આપણા બાળકો ઉપર વિપરીત અસર ઉભી થાય છે.

  બ. આપણને પ્રભુ ઈસુના શિષ્યો બનતા અટકાવે છે.

  ક. તે પ્રભુ ઈસુની તથા મંડળીના નમૂનાઓને નુકશાન પહોંચાડે છે.

  ડ. તે આપણામાં પ્રવેશ પામ્યા બાદ અલગ થતું નથી.

  ઈ. તેના માટે જગતમાં કોઈ સારો રસ્તો નથી.

  ઈ. તે ખૂબજ ગહન પાપ છે.



આપણી સંસ્કૃતિ છુટાછેડા વિશે શું વિચારે છે અને પ્રભુ ઈસુના શિક્ષણથી કેટલું અસમાન છે ?

.................................................................

.................................................................

.................................................................

## તમારા વચન

*"વળી તું જુઠાં સમ ન ખા, પણ પ્રભુ પ્રત્યે તારા સમ પુરા કર, એમ પુરાતનકાળમાં લોકોને કહેલું હતું. એ તમે સાંભળ્યું છે, પણ હું તમને કહું છું કે, 'કંઈ સમ ન ખાઓ. આકાશના નહિ કેમકે તે દેવનું રાજ્યાસન છે. અને પૃથ્વીના નહિ કેમ કે તેનું પાયાસન છે અને યરૂશાલેમના નહિ કેમ કે તે મોટા રાજાનું નગર છે. અને તું તારા માથાના પણ સમ ન ખા. કેમ કે તારાથી એક નિમાળો (વાળ) ધોળો અથવા કાળો કરી શકાતો નથી. પણ તમારું બોલવું તેમનું (તે) હા, ને ના નું ના હોય, કેમ કે એ કરતાં અધિક જે કંઈ છે તે ભૂંડાથી છે."*

*માત્થી ૫ઃ૩૩-૩૭*

પ્રભુ ઈસુના દિવસોમાં ધાર્મિક આગેવાનોની પ્રણાલિકામાં સમ ખાવા માટે શું છે ? કાળજીપૂર્વક રચના પ્રમાણે સમથી બંધારણ નહોતું અને સમ પણ નહોતા. તે નકામાં, ગુંચવાયેલ પદ્ધતિ દેવને તેનાથી કંઈ સન્માન મળતું નહીં. આજ્ઞા પ્રમાણે ન હતા ? પ્રભુ ઈસુ તેમના શિષ્યોને આગ્રહથી જણાવતાં કે વચનનો માણસ અને તેમના વચનોના પાળનાર જોવા જોઈએ ?

૧. માત્થી ૫ઃ૩૪ માં પ્રભુ ઈસુ કહે છે કંઈ જ સમ ન ખાઓ.

૨. ખરું કે ખોટું : પ્રભુ ઈસુ તેમના શિષ્યોને શિક્ષણ આપતા જણાવે છે કે પ્રમાણિકતા અને પવિત્રતા એ તેના માટે અત્યંત મહત્ત્વનું છે.

૩. ખરું કે ખોટું : પ્રભુ ઈસુ તેમના શિષ્યો પાસેથી આશા રાખતા હતા કે તેઓ કોઈ પણ પ્રકારનું કદી પણ વચન ન આપે કારણ કદાચ તેઓ પાળવાને સમર્થ ન હતા.

૪. જો કોઈ તમને વચન આપે અને તે પૂરું ન કરે તો તમે કેવું અનુભવશો ? કારણ કે તે તેનો અર્થ જાણતો જ નહોતો ?

અ. મને કંઈ વાધો નથી. લોકો જેમ કરે તેમ.

બ. તેમને વાંધાજનક રહે છે કારણ હું સમજું છું માટે પણ તેમ જકરવું.

ક. તેમને વાંધાજનક છે કારણ કે તે અપ્રમાણિક છે.

આપણી સંસ્કૃતિ પ્રમાણિકતા અને પવિત્રતા માટે કયું ધોરણ આપે છે ? પ્રભુ ઈસુના ધોરણથી તેઓનો મત કેટલો મતભેદ ઉભો રહે છે ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## દુષ્ટ લોકો

*“આંખને બદલે આંખ, ને દાંતને બદલે દાંત, એમ કહેલું હતું. એ તમે સાંભળ્યું છે. હું તમને કહું છું કે જે ભૂંડો હોય તેની સામા ન થાઓ; પણ જે કોઈ તારા જમણા ગાલ પર તમાચો મારે તેને તરફ બીજો પણ ફેરવ. અને જે તારું બદન લેવા તારા પર દાવો કરે, તેને તારો અંગરખો પણ લેવા દે. અને જો કોઈ બળાત્કારથી તને એકગાઉ લઈ જાય તેની સાથએ બે ગાઉ જા. જે કોઈ તારી પાસે માંગે છે તેને તું આપ. જો તારી કને જે ઉઠીનું લેવા ચાહે છે. તેનાથી મોં ન ફેરવ.”* *માત્થી ૫:૩૮-૪૨*



જૂના કરારના નિયમોમાં “આંખને બદલે આંખ અને દાંતને બદલે દાંત” એ મુસાના દ્વારા જે કઠણ હૃદયના લોકો માટે આજ્ઞા આપવામાં આવી હતી. જેઓ પોતાના વેરીઓની સામે બદલો લેવા માંગતા હતા તથા ખૂબજ અપકૃત્યોમાં આગળ પડતા હતા તેઓને તે લાગુ પડતા હતા. દાખલા તરીકે કોઈ તમારા દાંતમાં મારે તો તેનો વિરોધી કહેશે કે “તેનો દાંત તોડવા જઈ રહ્યો છું.” મુસાનો નિયમ ન્યાય શોધવા માટે હતો. વેર લેવા માટે નહિ. પણ પ્રભુ ઈસુ એ આત્માના નિયમ દ્વારા ન્યાય કર્યો જે સદા કૃપાથી ભરેલ છે.

૧. માત્થી ૫:૩૯ માં પ્રભુ ઈસુ કોની સામા ન થવા કહે છે ? (દુષ્ટ વ્યક્તિ)

૨. ખરું કે ખોટું : ઈશ્વરપિતા ઇચ્છે છે કે જે કોઈ આપણી પાસે કંઈ પણ માંગે તે આપી દેવું.

૩. ખરું કે ખોટું : પ્રભુ ઈસુ ખ્રિસ્ત જ્યારે શિક્ષણ આપતા હતા ત્યારે સીધેસીધું આત્માના નિયમને માન્ય રાખતા ન હતા.

**આપેલા પ્રશ્નોના સાચા જવાબ સામે વર્તુળ કરી દર્શાવો.**

૪. પ્રભુ ઈસુ ખ્રિસ્ત આ સ્પર્ધાત્મક જગતમાં જીવતા લોકોને કેવી રીતે તેમના શિક્ષણને લાગુ કરે છે.

અ. તે કહે છે કે ફક્ત સ્પર્ધાત્મક રહો.

બ. તે કહે છે સલાહ કરાવનારાઓ વચ્ચે ભેદ રાખો.

ક. તે કહે છે કે ન્યાયને શોધો અને સંપૂર્ણ રીતે બધું સારું કરો.

ડ. તે કહે છે કે દુષ્ટ લોકોને તેમના માર્ગ પર ચાલવા દો.

૫. તમે શું વિચારો છો કે જેઓ અક્ષરસઃ શિક્ષણ સ્વીકારતા હતા તેઓ શિષ્યો પ્રત્યે કેવો પ્રત્યાઘાત આપતા હતા ?
નીચે યોગ્ય ને સાચાની નિશાની (□) કરો.

અ. તેઓ આશ્ચર્યચકિત બન્યા હોત, કદાચ બદલાણ પણ પામ્યા હોત.

બ. તેઓ હસતા હતા.

ક. તેઓ વિચારતા કે અમે હોંશિયાર નથી.

ડ. તેઓ આપણી ઉદારશીલતાનો લાભ લેતા.

ઈ. તેઓ આદરભાવ રાખતા પણ વિચારતા કે અમે અસમર્થ છીએ.

આપણી સંસ્કૃતિ કેવી રીતે વેરવૃત્તિની સામ્યતા ધરાવે છે ? તે સામાજિક રીતે સ્વીકારવા યોગ્ય છે ? જો તમે પ્રભુ ઈસુના શિક્ષણ દયા અને ઉદારશીલતાની બહાર જીવશો, તો તમારી આસપાસના લોકો પર તે કેવી છાપ રહેશે ?

.........................................................

.........................................................

.........................................................

.........................................................

## તમારા વેરી

*"તું તારા પડોશી પર પ્રીતી કર, ને તારા વૈરીઓ પર દ્વેષ કર એમ કહેલું હતું, એ તમે સાંભળ્યું છે, પણ હું તમને કહું છું કે તમે તમારા વૈરીઓ પર પ્રીતી કરો ને જેઓ તમારી પૂઢે લાગે છે તેઓને સારું પ્રાર્થના કરો. એ માટે કે તમે આકાશમાંના તમારા બાપના દિકરા થાઓ, કારણ કે તે પોતાના સૂરજને ભૂંડા તથા ભલા પર ઉગાવે છે ને ન્યાયી તથા અન્યાયી પર વરસાદ વરસાવે છે. કેમ કે જેઓ તમારા પર પ્રીતિ કરે છે તેઓ જો તમે પ્રીતિ કરો છો તો તમને શું ફળ છે ? દાણીઓ પણ શું એમ નથી કરતા ? અને જો તમે કેવળ તમારા ભાઈઓને સલામ કરો છો તો તેમાં તમે વિશેષ શું કરો છો ? વિદેશીઓ પણ શું એમ નથી કરતા ? એ માટે જેવો તમારો આકાશમાનો બાપ સંપૂર્ણ છે તેવા તમે સંપૂર્ણ થશો."*

*માત્થી ૫:૪૩-૪૮*

આ કલમોમાં પ્રભુનું જે શિક્ષણ આપેલું છે તેનો ખુલાસો કરવો ને તેને અમલમાં મૂકવું ખૂબજ અઘરું છે. આ જગતે કોઈ દિવસ સાંભળ્યો ન હોય તેવું ઉંચુ શિક્ષણ આપવામાં આવ્યું છે. ધાર્મિક ઉપદેશકો શિક્ષણ આપે છે તે નિયમમાં તમે તમારા



પડોશી પર પ્રેમ કરો (કે તે જે કરે છે) અને તમારા વેરીઓને ધિક્કારો (કે જે તે કરતા નથી.) પ્રભુ ઈસુ આ ગેરસમજને સુધારે છે અને તેના શિષ્યોને સંપૂર્ણ અમલ કરવા જણાવે છે. આપણા પડોશીને પ્રેમ કરવો અને દુશ્મનોને પણ તે ઈશ્વરપિતાના ધોરણ પ્રમાણે તે શખ્ય નથી. સિવાય કે પ્રભુ ઈસુ આપણામાં જીવંત હોય તો જ આ બાબત આપણા માટે શક્ય છે.

૧. માત્થી ૫:૪૪માં પ્રભુ ઈસુ કહે છે કે તમારા વેરી પર પ્રેમ કરો અને જેઓ તમારી પૂઠે લાગે છે તેઓને સારૂ પ્રાર્થના કરો.

૨. ખરું કે ખોટું : બાઈબલ કદી આપણા દુશ્મનોને ધિક્કારવા કહેતું નથી.

૩. ખરું કે ખોટું : આપણે ઈશ્વરપિતાના દીકરા તરીકે ઓળખાઈએ તેવા પ્રેરણાદાયી જીવન જીવનાર હોવો જોઈએ.

૪. ખરું કે ખોટું : સ્વબચાવ એ પ્રભુ ઈસુના શિષ્યનો ઉચ્ચ ઉપદેશ હતો.

**આપેલા પ્રશ્નોના સાચા જવાબ માટે વર્તુળ કરો.**

૫. લુક ૧૦:૨૫-૩૭ માં આ દષ્ટાંતમાં સમરૂનીએ યહુદીને મદદ કરી તેના વિશે કંઈ નોંધપાત્ર બાબત છે ?

અ. કંઈ જ નહીં, યહુદી અને સમરૂનીઓ હંમેશા એકબીજાને મદદ કરતા હતા.

બ. યહુદી અને સમરૂની હમેશાં એકબીજાને ધિક્કારતા હતા.

ક. યહુદી અને સમરૂની એકબીજાથી એટલા દૂર ભાગતા રહેતા હતા જેથી કદી પણ તેઓએ એકબીજાને જોતા નહીં.

૬. જ્યારે પ્રભુ ઈસુ આપણને આપણા પડોશી પર પ્રેમ રાખવા વિશે લૂક ૧૦:૨૧-૨૮માં જણાવે છે. કોને પ્રેમ કરવા વિશે તે જણાવે છે ?

અ. જે લોકો આપણી પાસે રહે છે.

બ. જે લોકોને આપણા જેવા રૂપરંગ હોય છે તેવા.

ક. જે લોકોનું માળખું આપણા જેવું જ હોય.

ડ. ફક્ત આપણા મિત્રોને.

ઈ. દરેકને

૭. ગલાતી ૨:૨૦ વાંચો. આ લખાણ પરથી કઈ શક્તિ આપણને બીજાને તેમજ

આપણા શત્રુને પણ પ્રેમ કરવા સહાય કરે છે ?

અ. ફક્ત આપણો પાપી સ્વભાવ.

બ. આપણા પોતાના હૃદયની ઈચ્છાઓ.

ક. ઈશ્વરપિતાની આજ્ઞાઓ

ડ. ઈસુ ખ્રિસ્ત પોતે

૮. જ્યારે પ્રભુ ઈસુ કહે છે કે જેવા દેવ સંપૂર્ણ છે તેવા સંપૂર્ણ તમે પણ થાઓ. (કલમ ૪૮) તે કયા અર્થમાં કહે છે ?

અ. આપણે પાપમુક્ત બની શકીએ છીએ.

બ. આપણે ઈશ્વરપિતાના રૂપમાં એક તથા સંપૂર્ણ થઈ શકીએ છીએ.

ક. આપણે ઈશ્વરપિતા જેવા પરમ પવિત્ર બની શકીએ છીએ.

૯. પ્રભુ ઈસુ તેમના શિષ્યો પાસેથી ચોક્કસ આશા રાખતા હતા.

અ. જેમ જગત કરે છે તેમ આરામ કરો.

બ. મંડળીના ધોરણ સાથે ચાલો.

ક. જે તેમની પાસે આશા રાખેલી છે તેમ કરો.

ડ. તેમની પાસે જેટલી આશા રાખી છે તથી વિશેષ કરો.



તમારો સંબધ તમારા સંસ્કારોને તથા ખ્રિસ્તને પ્રતિબિંબિત કરે છે ?

.......................................................

તમારા વર્તનમાં અને જગતના વર્તનમાં તમે કયો ભેદ બતાવો છો ?

.......................................................

.......................................................

.......................................................